| | | | |
|---|---|---|---|
| ફરીયાદ દાખલ તા: | ૦૭/૦૧/૨૦૨૫ | | |
| ફરીયાદ રજી. તા: | ૦૭/૦૧/૨૦૨૫ | | |
| કેસ ફેંસલ તા: | ૦૯/૦૭/૨૦૨૬ | | |
| સમય ગાળો : | વર્ષ | માસ | દિવસ |
| | | | |

**મહેરબાન એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ–ઉમરગામ**

**ફોજદારી કેસ નં.:–૪૬૯/૨૦૨૫**
**આંક:–**

| | |
|---|---|
| **ફરીયાદી:–** | **નામદાર સરકારશ્રી** |
| | **–: વિરૂધ્ધ :–** |
| **આરોપીઓ:–** | **(૧) મોહમદ કેફ મોહમદ અકીલ સીદીકી,**<br>ઉંમર:–૨૩ વર્ષ, ધંધો:–ડ્રાઈવીંગ,<br>હાલ રહે.– ડુંગરી ફળીયા, સાંઈ આસ્થા, પ્રિન્સ પાર્ક ફલેટ નં. ૫૦૨, કરવડ, તા. વાપી જી. વલસાડ<br>મુળ રહે. જરારી, પોસ્ટ ફતેહગઢ થાના જહનગંજ, જી. ફરૂખાબાદ ઉત્તરપ્રદેશ |
| | **(૨) આસીફ આફાક સીદીકી,**<br>ઉંમર:–૪૦ વર્ષ, ધંધો:– ટ્રાન્સપોર્ટ,<br>હાલ રહે.– વાપી ડુંગરી ફળીયા ,સાંઈ આસ્થા, નુર પાર્ક ફલેટ નં. ૩૦૮, કરવડ, તા.વાપી, જી. વલસાડ<br>મુળ રહે. ગામ જરારી, પોસ્ટ ફતેહગઢ, થાના જહાનગંજ, જિ. ફરૂખાબાદ, ઉત્તરપ્રદેશ |
| | **(૩) નિલેષ ઉર્ફે પંડિત અજયકુમાર શંભુ મિશ્રા,**<br>ઉંમર:–૩૨ વર્ષ, ધંધો:– ટ્રાન્સપોર્ટ,<br>હાલ રહે.– કડોદરા, આસપાસ ત્રણ રસ્તા, કુંજ સોસાયટી ફલેટ નં. ૧૦૭, ૧૦૮, તા. કડોદરા, જિ. સુરત<br>મુળ રહે. ગામ પરેકાંતપુર, થાના હડીયા, તા. બરૌત, જિ. પ્રયાગરાજ, ઉત્તરપ્રદેશ |

**ગુન્હો:–ભારતીય દંડ સંહિતા કલમ–૪૫૪, ૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબ...**

––––––––––––––––––––––––––––––––––––––

**// ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી એ.પી. ગામીત //**
**// આરોપી નં. ૧ તરફે વિ.વ.શ્રી એ.એસ.શાહ //**

––––––––––––––––––––––––––––––––––––––

**–:: જજમેન્ટ ::–**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓ તા. ૧૬/૦૫/૨૦૨૪ ના રોજ કલાક ૦૩/૨૫ વાગયાના સુમારે હરકોઈ વખતે મોજે સરીગામ જી.આઈ.ડી.સી. નીમ ટ્રી હોટલની પાછળ આવેલ શોપીંગ સેન્ટરમાં, દેવરાજ ટ્રેડર્સ દુકાન નં. ૦૬, તા. ઉમરગામ, જિ. વલસાડ ખાતે કોઈ એક લાલ રંગના આઈશર ટેમ્પો જેના બ્લુ રંગની તાડપત્રી બાંધેલ જેની અંદર આવેલ ત્રણ અજાણ્યા ઈસમો જેના નામઠામ કે ટેમ્પો નંબર જણાય આવેલ નથી. ફરીયાદીના દુકાનનું શટર કોઈ સાધન વડે તોડી દુકાનમાં પ્રવેશ કરી અપ્રમાણિક ઈરાદે ફરીયાદી/સાહેદ ની સંમતિ વિના સુર્યોદય અને સુર્યાસ્તના સમયગાળા વચ્ચે તેઓના કબજામાંથી દુકાનની અંદરથી પાન મસાલા તથા તમાકુના પેકેટો જેની કિં. રૂ. ૧,૯૫,૭૩૭/– ની મત્તા ખસેડી, ભારતીય દંડ સંહિતા કલમ–૪૫૪, ૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ હોય, જે અન્વયે પોલીસ તપાસ કરી આ કામના આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતા નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરવામાં આવેલ.

(૨) આ કામના આરોપીઓ કોર્ટ સમક્ષ હાજર થતાં, આરોપીઓને સી.આર.પી.સી.કલમ– ૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો આપેલ. ત્યારબાદ આંક:–૦૮ થી તહોમતનામું ફરમાવી, આંક:–૦૯ થી આંક:–૧૧ સુધી આરોપીઓની પ્લી નોંધવામાં આવતા આરોપીઓએ ગુન્હાનો સ્પષ્ટપણે ઈન્કાર કરતા, ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષે આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપો પુરવાર કરવા નીચે મુજબનો મૌખીક તથા દસ્તાવેજી પુરાવો રજુ રાખવામાં આવેલ છે.

**–:: મૌખિક પુરાવો ::–**

| | | |
|---|---|---|
| (૧) | પંચ સાહેદ બહુરંજન અશોકભાઈ ઠાકુરની જુબાની | આંક:–૧૩ |
| (૨) | પંચ સાહેદ મોન્ટુકુમાર દિલીપભાઈ ભટ્ટની જુબાની | આંક:–૧૬ |
| (૩) | ફરીયાદી દેવરાજ મહાનંદ ભટ્ટની જુબાની | આંક:–૨૦ |
| (૪) | સાહેદ માયાબેન દેવરાજ ભટ્ટની જુબાની | આંક:–૨૨ |
| (૪) | સાહેદ બલવીરસિંહ અવતારસિંહની જુબાની | આંક:–૨૩ |
| (૫) | સાહેદ વિપુલ ઉર્ફે સતિષ હરીશંકરરાય ઉર્ફે વિપુલ રાયની જુબાની | આંક:–૨૪ |

**–:: <u>દસ્તાવેજી પુરાવો</u> ::–**

| | | |
|---|---|---|
| (૧) | ગુનાવાળી જગ્યાનું પંચનામું | આંક:–૧૪ |
| (૨) | ફરીયાદ | આંક:–૨૧ |

(૪) આ કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી વધુ પુરાવા આપવા માંગતા ન હોવાનું મૌખિક રીતે જાહેર કરતાં, ક્રિમીનલ પ્રોસીજર કોડ,૧૯૭૩ ની કલમ–૩૧૩ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવા જેટલો પુરાવો રેકર્ડ ઉપર આવતો ન હોય, આરોપીઓના વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૫) ફરીયાદપક્ષના કેસના નિર્ણય તેમજ નિકાલ માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**(i)** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓ આરોપીઓ તા. ૧૬/૦૫/૨૦૨૪ ના રોજ કલાક ૦૩/૨૫ વાગયાના સુમારે હરકોઈ વખતે મોજે સરીગામ જી.આઈ.ડી.સી. નીમ ટ્રી હોટલની પાછળ આવેલ શોપીંગ સેન્ટરમાં, દેવરાજ ટ્રેડર્સ દુકાન નં. ૦૬, તા. ઉમરગામ, જિ. વલસાડ ખાતે કોઈ એક લાલ રંગના આઈશર ટેમ્પો જેના બ્લુ રંગની તાડપત્રી બાંધેલ જેની અંદર આવેલ ત્રણ અજાણ્યા ઈસમો જેના નામઠામ કે ટેમ્પો નંબર જણાય આવેલ નથી. ફરીયાદીના દુકાનનું શટર કોઈ સાધન વડે તોડી દુકાનમાં પ્રવેશ કરી અપ્રમાણિક ઈરાદે ફરીયાદી/સાહેદ ની સંમતિ વિના સુર્યોદય અને સુર્યાસ્તના સમયગાળા વચ્ચે તેઓના કબજામાંથી દુકાનની અંદરથી પાન મસાલા તથા તમાકુના પેકેટો જેની કિં. રૂ. ૧,૯૫,૭૩૭/– ની મત્તા ખસેડી, ભારતીય દંડ સંહિતા

કલમ– ૪૫૪, ૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો અત્રેની અદાલતની હકુમતમાં કરેલ છે?

**(ii)** શું હુકમ?

(૬) ઉપરોક્ત મુદ્દાઓ પરના મારા ન્યાયિક નિર્ણયો નીચે મુજબના છેઃ–

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ

(૭) આ કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી નાઓની તથા બચાવપક્ષે વિ.વ.શ્રી નાઓની મૌખિક દલીલ સાંભળવામાં આવેલ છે. જેનું પુનરાવર્તન ટાળવા પુરાવાનાં પુથ્થકરણમાં વણી લેવામાં આવે છે.

**–:: <u>કારણો</u> ::–**

**<u>મુદ્દા નંબરઃ–૦૧ અને ૦૨</u>**

(૮) આ કામે ફરીયાદપક્ષે આંકઃ– ૧૩ થી પંચ સાહેદ બહુરંજન અશોકભાઈ ઠાકુર અને આંક–૧૬ થી પંચ સાહેદ મોન્ટુકુમાર દિલીપભાઈ ભટ્ટનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર બંને પંચ સાહેદ આંકઃ–૧૪ થી ગુનાવાળી જગ્યાનાં પંચનામાંને લેશમાત્ર સમર્થન કરતા નથી. વધુમાં, વિ.એ.પી.પી. શ્રીની વિનંતીથી સદર પંચ સાહેદને ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવેલ હોવા છતાં, ફરીયાદપક્ષ કોઇ મહત્વની હકીકત રેકર્ડ ઉપર રજુ કરી શકેલ નથી. જેથી, ફરિયાદપક્ષ આંક–૧૪ થી રજુ ગુનાવાળી જગ્યાનું પંચનામું પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે.

(૯) આંક– ૨૦ થી ફરિયાદી દેવરાજ મહાનંદ ભટ્ટ નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ જણાવે છે કે, બનાવ સરીગામ જી. આઈ. ડી. સી. નીમટ્રી હોટલની પાછળ તેઓની દુકાનમાં બનેલો. બનાવ રાત્રી દરમ્યાન બનેલો. તેઓની દુકાનમાં પાન,

મસાલાનો મુદ્દામાલ ભરેલ હતો. બનાવની જાણ તેઓને હોટલના વોચમેને કરેલી અને જણાવેલુ કે તમારી દુકાનમાં ચોરી થયેલ છે. વોચમેનનુ નામ તેઓને યાદ નથી. તેઓને વોચમેને એવુ જણાવેલુ કે, "તમારી દુકાનમાં શટર તુટેલુ છે અને ચોરી થઇ ગયેલી છે." તેવુ જણાવતા તેઓ તેમની મારી દુકાનમાં જઈ જોયેલ તો આગળનુ શટર તુટેલી હાલતમા હતુ અને દુકાનમાં મુકેલ પંઢરપુરી તંબાકુ તથા રાજશ્રી તંબાકુ તથા પાન મસાલા ની ચોરી થયેલી. જેની કિંમત આશરે છ લાખની હતી. આ બનાવની તેઓએ ફરીયાદ આપેલી. તેઓને ફરીયાદ બતાવવામાં આવે છે તેમા તેમની સહી છે જે ઓળખી બતાવે છે. જેને રજુ દાખલ આંક-૨૧ આપવામાં આવે છે. ત્યારબાદ ભિલાડ પોલીસ સ્ટેશનથી તેઓના પર ફોન આવેલ અને ચોરીમાં ગયેલ પાન મસાલા એક ટેમ્પામાંથી મળી આવેલ જે ચોરીમાં ગયેલ મુદ્દામાલ તેઓને બતાવતા તેઓ ઓળખી બતાવેલ અને તે મુદ્દામાલ તેઓને મળી ગયેલ છે. જે વ્યક્તિઓએ ચોરી કરેલ તેઓને પોલીસે પકડી તેઓને બતાવેલ નથી. તે સિવાય તેઓ બનાવ વિશે બીજુ કશુ જાણતા નથી. બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓ એ વાત સ્વીકારે છે કે બનાવ વખતે તેઓ ઘરે હોય બનાવની તેમને જાણ નથી.

(૯) આંક- ૨૨ થી સાહેદ માયાબેન દેવરાજ ભટ્ટ નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ જણાવે છે કે, બનાવ સરીગામ જી.આઈ.ડી.સી. નીમટ્રી હોટલની પાછળ તેઓની દુકાનમાં બનેલો. બનાવ રાત્રી દરમ્યાન બનેલો. તેઓની દુકાનમાં પાન, મસાલાનો મુદ્દામાલ ભરેલ હતો. બનાવની જાણ તેઓને તેમના પતિએ કરેલી અને જણાવેલુ કે તમારી દુકાનમાં ચોરી થયેલ છે. તેમના પતિને વોચમેને જાણ કરેલી જે વોચમેનનુ નામ તેઓને યાદ નથી. તેમના પતિને વોચમેને એવુ જણાવેલુ કે, "તમારી દુકાનમાં શટર તુટેલુ છે અને ચોરી થઇ ગયેલી છે." તેવુ જણાવતા તેઓના પતિ દુકાનમાં જઈને જોયેલ તો આગળનું શટર તુટેલી હાલતમાં હતુ અને દુકાનમાં મુકેલ પંઢરપુરી તંબાકુ તથા રાજશ્રી તંબાકુ તથા પાન મસાલા ની

ચોરી થયેલી. જેની કિંમત આશરે છ લાખની હતી. આ બનાવની ફરીયાદ તેઓના પતિએ આપેલી. ત્યારબાદ ભિલાડ પોલીસ સ્ટેશનથી તેઓના પતિ પર ફોન આવેલ અને ચોરીમાં ગયેલ પાન મસાલા એક ટેમ્પામાંથી મળી આવેલ જે ચોરીમાં ગયેલ મુદ્દામાલ તેઓના પતિને બતાવતા તેઓએ ઓળખી બતાવેલ. બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓ એ વાત સ્વીકારે છે કે બનાવ વખતે તેઓ ઘરે હોય બનાવની તેમને જાણ નથી.

**(૧૦)** આંક–૨૩ થી સાહેદ બલવીરસિંહ અવતારસિંહ તથા આંક–૨૪ થી સાહેદ વિપુલ ઉર્ફે સતીષ હરીવંશરાય ઉર્ફે વિપુલ રાય નાઓને તપાસવામાં આવેલ છે. આ બંને સાહેદો એકસરખી જુબાની આપતા જણાવે છે કે, સદર બનાવ સરીગામજી. આઈ.ડી.સી. ની મટ્રી હોટલની પાછળ દેવરાજ દુકાનમાં બનેલ. તે વખતે દેવરાજ ભટ્ટની પાન મસાલા તંબાકુની દુકાનમાં ચોરી થયેલ. જે અંગે તેઓને દેવરાજે ફોન ઉપર જાણ કરતા તેઓ દુકાનમાં ગયેલ અને ત્યાં તંબાકુ પાન મસાલાની ચોરી થયેલાનું જાણવા મળેલ. ચોરી કોણે કેરલી તે અંગે તેઓ કશું જાણવા નથી. ચોરી કરનારને પોલીસે તેઓને બતાવેલ તેવું બનેલ નથી. આ બનાવ બાબતે પોલીસે તેઓનો જવાબ લીધેલ. તે સિવાય બનાવ વિશે બીજુ કશુ જાણતા નથી. બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓ એ વાત સ્વીકારે છે કે બનાવ વખતે તેઓ ઘરે હોય બનાવની તેમને જાણ નથી.

**(૧૧)** વધુમાં, હાલના કેસમા નિર્ણય ઉપર પહોચતા પહેલા ઇ.પી.કો. કલમ–૩૮૦ ના ગુનાના કામે તકસીરવાન ઠરાવવા માટે જરૂરી આવશ્યક તત્વો અત્રે ધ્યાને લેવા જરુરી છે.

SECTION 378: Theft

Whoever, intending to taken dishonestly any moveable Property out of the

possession of any person without that person's consent, moves that property in order to such taking is said to commit theft.

આમ, ઈ.પી.કો. કલમ –૩૭૮ ને ધ્યાને લેતાં, હાલના આરોપીઓએ જ દુકાનથી શટર તોડી મુદ્દામાલ તમાકુ સંમતિ વિના ખસેડેલ હોવાનું પુરવાર થતું ન હોય, ફરીયાદપક્ષ ઈ.પી.કો. કલમ–૩૮૦ મુજબનાં આવશ્યક તત્વો પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે.

**(૧૨)** આમ, આ કામના ફરિયાદી પોતાના સોગંદ પરના પુરાવામાં તેઓની દુકાનમાંથી તંબાકુની ચોરી થયેલ હોવાનું જણાવે છે. તેઓને ચોરી અંગેની જાણ વોચમેન દ્રારા થયેલ પંરતુ તેઓને વોચમેનનું નામ યાદ નથી. વધુમાં આંક–૨૨ થી માયાબેન દેવરાજ ભટ્ટ તથા આંક–૨૩ થી સાહેદ બલવીરસિંહ અવતારસિંહ સદર બંને સાહેદ કોણે ચોરી કરેલ છે તે જાણવા મળેલ ન હોવાનું સોગંદ ઉપર જણાવે છે. આ કામના ફરિયાદીએ રજુ કરેલ પુરાવા થકી ફરિયાદપક્ષે ફરિયાદીની દુકાનમાંથી ચોરી થયેલ હોવાની હકીકત પુરવાર કરેલ છે. પરંતુ, આ કામે ચોરીમાં ગયેલ મુદ્દામાલ હાલના આરોપીઓના કબજામાંથી મળી આવેલ હોવાની હકીકત ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી.એટલે કે આરોપી પાસેથી મુદ્દામાલની રીકવરી પુરવાર થતું નથી તેમજ આ કામે સોગંદ ઉપર તપાસવામાં આવેલ પંચ સાહેદ હાલના આરોપીના કબજામાંથી ચોરીમાં ગયેલ મુદ્દામાલ મળી આવેલ હોવાની હકીકતનો સ્પષ્ટપણે ઈન્કાર કરતા હોય, ઉપરોક્ત તમામ કારણોસર ફરીયાદપક્ષ હાલના આરોપીની ગુન્હામાં સંડોવણી હોવાની હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય, મુદ્દા નંબર:–૦૧ નો જવાબ "**નકારમાં**" આપી મુદ્દા નં. ૨ અન્વયે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: <u>હુકમ</u> ::–**

(૧) આ કામના આરોપી નં. (૧) મોહમદ કેફ મોહમદ અકીલ સીદીકી, હાલ રહે.– ડુંગરી ફળીયા, સાંઈ આસ્થા, પ્રિન્સ

પાર્ક ફ્લેટ નં. ૫૦૨, કરવડ, તા. વાપી જી. વલસાડ, મુળ રહે. જરારી, પોસ્ટ ફતેહગઢ થાના જહનગંજ, જી. ફરૂખાબાદ ઉત્તરપ્રદેશ, (૨) આસીફ આફાક સીદીકી, હાલ રહે.- વાપી ડુંગરી ફળીયા, સાંઈ આસ્થા, નુર પાર્ક ફ્લેટ નં. ૩૦૮, કરવડ, તા.વાપી, જી. વલસાડ, મુળ રહે. ગામ જરારી, પોસ્ટ ફતેહગઢ, થાના જહાનગંજ, જિ. ફરૂખાબાદ, ઉત્તરપ્રદેશ, (૩) નિલેષ ઉર્ફે પંડિત અજયકુમાર શંભુ મિશ્રા, હાલ રહે.- કડોદરા, આસપાસ ત્રણ રસ્તા, કુંજ સોસાયટી ફ્લેટ નં. ૧૦૭, ૧૦૮, તા. કડોદરા, જિ. સુરત, મુળ રહે. ગામ પરેકાંતપુર, થાના હડીયા, તા. બૈરાત, જિ. પ્રયાગરાજ, ઉત્તરપ્રદેશ નાઓને ક્રિ.પ્રો. કોડની કલમ- ૨૪૮(૧) અન્વયે ઈ.પી.કો. કલમ- ૪૫૪, ૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાં નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે પકડાયેલ મુદ્દામાલ ટાટા ટેમ્પો તથા મોબાઈલ ફોન અન્વયે કરવામાં આવેલ વચગાળાનો હુકમ તો તે કાયમી કરવામાં આવે છે અને જો આવો વચગાળાનો હુકમ કરવામાં આવેલ ન હોય તો ઈન્કવાયરી કરી તેના અસલ માલિકને પરત કરવાનો આથી હુકમ કરવામાં આવે છે. મુદ્દામાલ પાન મસાલા તથા તમાકુના પેકેટો જેની કિં. રૂ. ૧,૯૫,૭૩૭/- અંગેનો કરવામાં વચગાળાના હુકમ કાયમ કરવામાં આવે છે.

(૩) આ કામના આરોપીનાઓ ગેરહાજર હોય, તેઓની ગેરહાજરીમાં સી.આર.પી.સીની કલમ- ૩૫૩(૬) હેઠળ આ હુકમ જાહેર કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૦૯મી, માહે જુલાઈ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુ. :- ઉમરગામ **(સંજીવ કુમાર)**
તારીખ :- ૦૯/૦૭/૨૦૨૬ એડી. ચીફ જ્યુડી. મેજી.,ઉમરગામ
કોડ નં.જી.જે.૦૧૨૨૧